નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની
આર્થિક સહાયની યોજનાની ચુકવણી પોસ્ટ
ઓફીસ મારફતે કરવા અંગે.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ નવશ / ૧૦/૨૦૦૨/૧૬૦૮/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૬-૫-૨૦૦૩

વંચાણમાં લીધાઃ-

૧. મ.સ.ક અને આ.વિ.વિ. ના તા.૨૬-૯-૭૯ ના ઠરાવ ક્રઃ
એસસીડબલ્યુ-૧૦૭૯-૪૩૯૯૫-છ

૨. સ.ક.વિ.ના તા.૧૧-૯-૯૦ ના ઠરાવ ક્રઃ નવશ/૧૦૯૦/૮૦૮/છ.૧

૩. સ.ક.વિ.ના તા.૩૧-૧-૯૪ ના ઠરાવ ક્રમાંકઃ નવશ/૧૦૯૩/૧૨૫૪/છ.૧

૪.સ.ક.વિ.ના તા.૧-૭-૯૫ ના ઠરાવ ક્રમાંકઃ નવશ /૧૦૯૫/૪૧૫/ છ.૧

૫. સ.ક.વિ.ના તા.૧૨-૮-૯૭ ના ઠરાવ ક્રમાંકઃ નવશ/૧૦૯૭/મ.૧૪/છ.૧

૬. સ.ક.વિ.ના તા.૩-૧૧-૯૭ ના ઠરાવ ક્રમાંકઃ નવશ/૧૦૯૭/મ.૧૪/છ.૧

૭. સ.ક.વિ.ના તા.૨-૧૨-૯૭ ના ઠરાવ ક્રમાંકઃ નવશ/૧૦૯૭/મ.૧૪/છ.૧

૮.સ.ક.વિ.ના તા.૧૮-૧૦-૯૯ ના ઠરાવ ક્રમાંકઃ નવશ/૧૫૯૯/ન.બા.૧/છ.૧

૯. નિયામકશ્રી, ભારતીય ટપાલ સેવા અમદાવાદ રીજીયનનો પત્ર ક્રમાંકઃ
ડીઓ/એસ[illegible]/૧-૨/૨/૨૦૦૨-૦૩ , તા.૨-૪-૦૩

ઠરાવ :-

નિરાધાર વિધવા, ત્યક્તા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃ વસવાટ માટે આર્થિક સહાયની યોજના ઉપર આમુખમાં ક્રમાંકઃ ૧ થી ૮ માં દર્શાવેલ ઠરાવો અન્વયે અમલમાં છે

સદરહુ યોજનામાં હાલમાં નિરાધાર વિધવા , ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓને તેમના પુનઃસ્થાપન માટે માસિક રુ.૫૦૦/– ની આર્થિક સહાયની યોજના સમયના બાધ સિવાય ચુકવવા ની યોજના અમલમાં છે.

આ સહાયની ચુકવણી હાલમાં મનીઓર્ડર ધ્વારા કરવામાં આવે છે. જેમાં ,ફેરફાર કરી પોસ્ટ ઓફિસ બચત ખાતા મારફતે દરેક લાભાર્થીને સહાય ચૂકવવાની બાબત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીને આવી સહાયની ચુકવણી પોસ્ટઓફીસના સેવિંગ્સ ખાતા મારફતે નીચે મુજબની વિગતે ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

૧) આવા વિધવા સહાયની યોજનાના લાભાર્થીઓ માટે પોસ્ટ ઓફીસમા 'ડબલ્યુએફએ ( W.F.A. ) એકાઉન્ટ' કેટેગરી તરીકે ગણીને ખાતા ખોલવામાં આવશે. આ અંગેની કાર્યવાહી માટે દરેક જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ તેમના લાભાર્થીઓને એક પરિપત્ર કરી તેમની નજીકના પોસ્ટ ઓફીસનો સંપર્ક કરી જે તે પોસ્ટ ઓફીસમાં ખાતુ ખોલાવવા માટે સંબંધિત પોસ્ટ માસ્ટર સમક્ષ જરુરી ઓળખ અને ફોટોગ્રાફ સાથે ઉપસ્થિત થવાનુ રહેશે અને સંબંધિત પોસ્ટમાસ્ટરે તેની ખરાઈ કરી આવા ખાતા ખોલી આપવાના રહેશે.

૨) સમાજ સુરક્ષા ખાતાએ જે જે લાભાર્થીઓના ખાતામાં આ રકમ જમા કરાવવાની હોય તેવા તમામ નામોની યાદી એકજ પે ઈન સ્લીપથી ભરાયેલ "ચીફ પોસ્ટ માસ્ટર જનરલ જી.પી.ઓ. અમદાવાદ"ના નામના એકાઉન્ટ પેયી ચેક સાથે આપવાની રહેશે.

૩) નાણાં ખાતા ધ્વારા આ હેતુઓ માટે દર માસે છૂટી કરવામાં આવતી ગ્રાન્ટ નિયામકશ્રી , સમાજ સુરક્ષાને હવાલે મુકી, નિયામકશ્રી સંપુર્ણ રકમ પોસ્ટ માસ્ટર જનરલને વિગતવાર નામોની યાદી સાથે મોકલી આપશે.

૪) ત્યારબાદ તેના આધારે પોસ્ટ ખાતાએ જીલ્લાવાર લાભાર્થીઓના બચત ખાતામાં તે રકમ જમા કરવાની કાર્યવાહી કરવાની રહેશે અને તે માટે ૫ % કમિશન નિયામકશ્રી, સમાજ સુરક્ષા પોસ્ટ ખાતાને ચુકવી આપશે અને તે નજીકના રુપિયામાં ગણવાનુ રહેશે.કમિશનનો આ દર ત્રણ વર્ષ માટે અમલમાં રહેશે. ત્રણ વર્ષ પછી આ વિભાગ અને પોસ્ટ ઓફીસ ધ્વારા તેની સમીક્ષા હાથ ધરીને નકકી કરવાનું રહેશે.

૫) આવી સમગ્ર રકમનું બીલ ટ્રેઝરીમાં રજુ કરતી વખતે આખા રાજ્યના તમામ લાભાર્થીઓની યાદી બીલ સાથે રજુ કરવાની રહેશે નહી પરંતુ શારીરીક અપંગતાવાળી વ્યક્તિઓ માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમને જે રીતે એક સાથે ગ્રાન્ટ છુટી કરવામાં આવે છે તે રીતે આ અંગેના બીલ એક સાથે ટ્રેઝરીમાં રજુ કરી "ચીફ પોસ્ટ માસ્ટર જનરલ અમદાવાદ"ના નામનો ચેક મેળવવાનો રહેશે.

૬) ચેકનું કલીયરન્સ થતાં જે તે લાભાર્થીઓના ખાતામાં સહાયની રકમ જમા કરાવવાની રહેશે.

૭) આવા ડબલ્યુએફએ એકાઉન્ટ ધારક તેમના ખાતામાં બીજી ડીપોઝીટ જમા કરાવી શકશે. અને ઓછામાં ઓછી રુ.૫૦/– ની રકમ જમા રાખી રુ.૫ થી વધારે રકમનો ઉપાડ કરી શકશે.

૮) આવી રકમ ઉપાડવા માટે લાભાર્થીએ પોતે પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. અર્થાત આવા ખાતેદારોને ચેક અથવા મેસેન્જર મારફતે ઉપાડ કરવાની સુવિધા મળશે નહી.

૯) આવા ખાતાની તબદીલી એક પોસ્ટ ઓફીસમાંથી બીજી પોસ્ટ ઓફીસમાં સામાન્ય રીતે થઈ શકશે નહી. પરંતુ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ધ્વારા પ્રમાણિત કરી હુકમો કર્યેથી લાભાર્થીએ તેમનું રહેણાંકનું સ્થળ બદલ્યું હોય તો તેની નવી રહેઠાણવાળી જગ્યાવાળી પોસ્ટ ઓફીસમાં બદલી આપવાનું રહેશે. જે માટે પોસ્ટલ તંત્રની સંમતિ લેવાની રહેશે.

૧૦)દરેક બચતદારે તેમના બચત ખાતામાં વધુ જમા થઈ ગયેલી રકમ, પોસ્ટ માસ્ટર ધ્વારા, કલાયન્ટ ડીપાર્ટમેન્ટને પરત કરી શકાશે તે મતલબનું બાંહેધરી પત્ર આપવાનું રહેશે અનેપોસ્ટ માસ્ટરે ખાતામાં રહેલી જમા સિલકની મર્યાદામાં તેરકમ સંબંધિત કલાયન્ટ ડીપાર્ટમેન્ટને પરત જમા કરવાની રહેશે.

૧૧) દર છ માસે લાભાર્થીઓએ તેમની પાસબુક પોસ્ટઓફીસમાં રજુ કરી બચતનું મેળવણું કરવાનું રહેશે. જો એમ કરવામાં નહી આવે તો પોસ્ટ ખાતામાં દર્શાવેલ બચત આખરી ગણી લેવામાં આવશે. અને ડબલ્યુએફએ એકાઉન્ટમાંથી જો છ માસ સુધી જમા રકમનો ઉપાડ કરવામાં ન આવે તો ,જે તે પોસ્ટઓફીસે તેની જાણ સંબંધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીને કરવાની રહેશે. અને જે તે સમાજ સુરક્ષા અધિકારી આ અંગેની ચકાસણી કર્યા પછી બચતદારનુ મૃત્યુ થયું હોય કે તેઓ આ યોજનાના લાભની પાત્રતા ધરાવતા ન હોય તો

તેમનું ખાતું બંધ કરાવીને તેમાં જમા રહેલ રકમ ડબલ્યુએફએ એકાઉન્ટમાંથી ઉપાડીને સરકારમાં .રત જમા કરાવવાની થશે.

૧૨) ડબલ્યુએફએ ખાતામાં દરેક માસની દસમી તારીખ અને આખર તારીખ વચ્ચેના સૌથી ન્યુનતમ બેલેન્સ ઉપર સરકારી ધારાધોરણ મુજબ વ્યાજ મળવાપાત્ર રહેશે.

૧૩) રાજયકક્ષાએ તથ જીલ્લા કક્ષાએ સમાજ સુરક્ષા ખાતાના અને પોસ્ટ ખાતાના એક એક અધિકારીને આ યોજના સરળતાથી ચાલી શકે તે માટે લાયઝન અધિકારી તરીકે નિમણુંક કરવાની કાર્યવાહી પોસ્ટલ ડીપાર્ટમેન્ટ તથા સમાજ સુરક્ષા ખાતાએ કરવાની રહેશે.

૧૪) આ હુકમાં આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૨૫-૨-૦૩ ના રોજની નાણાં વિભાગની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એચ. સવકિર )
સંયુક્ત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
તમામ મંત્રીશ્રીઓ / ના.ક.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ
અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, અમદાવાદ
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ
નિયામકશ્રી, ટપાલ સેવા, અમદાવાદ ક્ષેત્ર, અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
નાણાં વિભાગ, ક શાખા, સચિવાલય, ગાંધીનગર
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, (નિયામકશ્રી,સમાજ સુરક્ષા મારફતે)
તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, ( નિયામકશ્રી,સમાજ સુરક્ષા મારફતે)
વિભાગ હેઠળની તમામ શાખાઓ
સંબંધિત "ના તમામ વહીવટી વિભાગો
શાખા પસંદગી ફાઈલ